સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું મુખપત્ર

# પટેલ સુવાસ

Year : 42 ❖ Issue : 2 ❖ Retail Price ₹.35 ❖ Total Pages : 52

Annual Subscription : ₹.300/- ❖ May-2019



## સફળતાની જીવંત પાઠશાળા


## ભારતમાં શ્વેતક્રાંતિના જનક : ત્રિભુવનદાસ પટેલ

# અનુક્રમણિકા

**કવર સ્ટોરી** ● દિવ્યેશ વેકરિયા - યોગેશ પટેલ

## સફળતાની જીવંત પાઠશાળા

આફતને અવસરમાં બદલીને, પડકારોને પરાસ્ત કરીને, ધૈર્ય અને મક્કમતા સાથે માત્ર લક્ષ્યને જ વળગી રહી સફળતા થયેલાં એવા દૃષ્ટાંત જેમનું જીવન જ સફળતાની જીવંત પાઠશાળા સમાન છે...



૧૮-૧૯

- **તંત્રી સ્થાનેથી...**

  માનવીનું ધૈર્ય અને મક્કમતા જ તેને સફળતાનાં સિંહાસન સુધી લઈ જાય છે... ૦૭

- **સમાજ ગૌરવ**

  ICSI વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સિલનાં ખજાનચી બનતાં રાજેશ તારપરા ૦૮

  PIBનાં એડીશનલ ડાયરેક્ટર જનરલ પદે ચાર્જ સંભાળતાં ડો. ધીરજ કાકડિયા ૦૮

- **સંસ્થા સમાચાર**

  કન્યા છાત્રાલય ખાતે શ્રી મગનભાઈ રામાણીના માતૃશ્રીની ભોજન તિથી ઉજવાઈ ૦૯

  આર કે યુનિ.નાં સંસ્થાપક ખોડિદાસ તળાવિયા યુવાપેઢી માટે પ્રેરણાદાયી ૦૯

- **લગ્ન વિષયક** ૧૦-૧૧

- **પટેલ રત્ન** - દિવ્યેશ વેકરિયા

  ભારતમાં શ્વેતક્રાંતિના જનક : ત્રિભુવનદાસ પટેલ ૧૨

- **ઈમિગ્રેશન ઈન્ફો** - વિશાલ ઘાડિયા

  અમેરિકન ઈમિગ્રેશન માટેના વિકલ્પો - ભાગ-૨ ૧૫

- **સફળતાની જીવંત પાઠશાળા** ૧૮-૧૯

  અમિતાભ બચ્ચન : અભિનયમાં સર્વનામ બની ગયેલું નામ ૨૦

  નરેન્દ્ર મોદી : 'પ્રારબ્ધને અહીં ગાંઠે કોણ, હું પડકાર ઝીલનારો માણસ છું' ૨૪

  અઝીમ પ્રેમજી : દેશના પહેલા નંબરના દાનવીર ઉદ્યોગ સાહસિક ૨૮

  સી એન આર રાવસા'બ : નેનો ટેક્નોલોજીના ભારતીય મહારથી ૩૧

  રતન તાતા : ઉદ્યોગ જગતનું અનેરૂ રતન ૩૪

  ધોની : બબ્બે વર્લ્ડકપ અને ચેમ્પિયન્સ ટ્રોફીમાં વિજેતા બનાવનાર એકમાત્ર સુકાની ૩૭

  સાઈના નેહવાલ : નંબર વનનો તાજ મેળવનારી એકમાત્ર મહિલા બેડમિન્ટન ખેલાડી ૪૦

  આમિર ખાન : સામાજિક સેવામાં પણ સાચો સુપરસ્ટાર ૪૨

  માય નેમ ઇઝ દોવલ... અજિત દોવલ! - શિશિર રામાવત ૪૫


# પટેલ સુવાસ

**તંત્રી**
શ્રી દેવજીભાઈ એમ. પટેલ (સોજીત્રા)
મો. ૮૮૬૬૦ ૩૨૮૮૮

**સહતંત્રી**
શ્રી દિવ્યેશ વેકરિયા
મો. ૯૮૭૯૧૧૯૨૦૪

લે-આઉટ ડિઝાઈન : યોગેશ પટેલ



**સંપાદક મંડળ**
શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા
શ્રી હિંમતભાઈ બી. કસવાળા
શ્રી પરસોત્તમભાઈ બી. કકાણી
શ્રી પ્રાગજીભાઈ પી. ગામી

**સલાહકાર સમિતિ**
શ્રી વલ્લભભાઈ કાકડિયા
શ્રી ધરમશીભાઈ મોરડિયા
શ્રી રવજીભાઈ વસાણી
શ્રી ગુણવંતભાઈ સોજીત્રા
શ્રી બાબુભાઈ શેલડીયા
શ્રી પુરૂષોત્તમભાઈ ગેવરિયા

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ - હોદ્દેદારશ્રીઓ**
પ્રમુખ : શ્રી દેવજીભાઈ સોજીત્રા
ઉપપ્રમુખ : શ્રી રમેશભાઈ ડોબરિયા
ઉપપ્રમુખ : શ્રી ઘનશ્યામભાઈ હિરપરા
મંત્રી : શ્રી મનોજભાઈ ડોબરિયા
ખજાનચી : શ્રી મગનભાઈ સેંજલિયા



Published by :
Devjibhai M. Patel
on behalf of
Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge,
Ahmedabad - 380 006. Gujarat.
Tel. No. 079 - 26307099, 8866032888
Printed by: Kewal Offset,
F-11-38, Ravi Estate,
Nr. Torrent Power Subsation,
Dudheshwar, Ahmedabad-4, Gujarat.
OWNER :
SHREE SAURASHTRA PATEL
KELAVANI MANDAL

# ‘પટેલ સુવાસ’ : લવાજમ બાબત

| લવાજમ દર | |
|---|---|
| વર્ષ | લવાજમ |
| ૧ | રૂ.૩૦૦/- |
| ૩ | રૂ. ૭૫૦/- |
| ૧૦ | રૂ. ૨૦૦૦/- |
| લગ્ન વિષયક : ૧ માસ માટે | રૂ. ૫૦૦/- |

| ધંધાકીય જાહેરાત | વાર્ષિક રૂ. |
|---|---|
| એ - કવર પેજ આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૮૦,૦૦૦/- |
| બી - અંદરનું આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૬૦,૦૦૦/- |
| સી - અડધું પાનુ મલ્ટીકલર | રૂ.૩૦,૦૦૦/- |

**ધંધાકીય જાહેરાત માસિક / ત્રિમાસિક ધોરણે પણ સ્વિકારવામાં આવશે.**

## લવાજમ સ્વિકારવાનું સ્થળ

### અમદાવાદ

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, ગુલાબાઇ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- બાપુનગર : પટેલવાડી, ઘંટી સ્ટેન્ડ પાસે.
- મણીનગર : પટેલ સમાજની વાડી.

### અમરેલી

- શ્રી દિપક ધાનાણી - બાલમુકુંદન મોબાઇલ, અજમેરા સ્કૂલ, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૮૭૯૧ ૧૮૫૦૫

### સુરત

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ ૧૦૧, સુપર ડાયમંડ માર્કેટ, મોહનની ચાલ સામે, વરાછા રોડ, મીની બજાર, સુરત. મો. ૯૮૭૯૫ ૩૧૧૮૩
- શ્રી કિશન કોશિયા - ૩૧૦, સ્વસ્તિક પ્લાઝા, યોગી ચોક, વરાછા, સુરત-૩૯૫ ૦૦૬. મો. ૯૬૮૭૬ ૩૯૯૬૦

### નવસારી

- શ્રી શંભુભાઈ મુળજીભાઈ કરકર ૯, અયોધ્યાનગર-૧, ‘કર્મા’, એગ્રિકલ્ચરલ કોલેજ રોડ, મુ. વિજલપોર, જિ.નવસારી. પીન-૩૯૬૪૫૦ મો. ૦૯૪૨૭૧૬૯૯૯૦, ૦૭૬૯૮૨૬૭૫૯૮

**આ અંકમાં રેપર ઉપર છપાયેલી તારીખ તમારૂ લવાજમ પુરૂ થવાનું સુચન કરે છે. તો વહેલી તકે નવું લવાજમ ભરીને ‘પટેલ સુવાસ’ માસિક મેળવતાં રહો. નોંધ : કમ્પલેઈન માટે મો. નં. ૮૮૬૬૦ ૩૨૮૮૮ પર સંપર્ક કરવો.**

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

વેબસાઈટ : **www.sspkm.org** - ઈ-મેઈલ : **sphostel@gmail.com**

ફોન નંબર : **(079) 26307099, 88660 32888**

મોબાઈલ નંબર : **96621 22364, 63520 96322** (વોટ્સએપ માટે)

મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) વેબસાઈટ : **www.pateljeevansathi.org**

‘પટેલ સુવાસ’માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે.

અન્ય માટે લીસ્ટીંગ ચાર્જ વાર્ષિક રૂ.૫૦૦ લેવામાં આવશે.

**આ વેબસાઇટ પરથી અનેક યુવક-યુવતિઓ (કપલ્સ) જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા છે. તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...**

**જે પાત્રો લગ્નજીવનથી જોડાઈ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

# માનવીનું ધૈર્ય અને મક્કમતા જ તેને સફળતાનાં સિહાસન સુધી લઈ જાય છે...

સમયનું ચક્ર ખૂબ ઝડપી ગતિએ આગળ વધી રહ્યુ છે. સમયનો કાંટો તો તેની ધારે જ ચાલે છે પણ વિજ્ઞાન અને તકનીકી કમાલે માણસની સુખાકારીને આરામદાયક બનાવી દીધી છે. આપણને જે જોઈએ છે તે બધુ જ મળી ગયું છે, મળી રહ્યું છે, પરંતુ આપણું ધૈર્ય અને મક્કમતા ચોક્કસપણે નબળી પડવા લાગી છે.

પરિક્ષાનાં પરિણામમાં માર્ક્સ ઓછા આવે તો નબળા વિચારો કરવા લાગીએ છીએ. એકાદ કામમાં નિષ્ફળતા મળે ત્યારે જિંદગી ખતમ થઈ ગઈ હોય એમ માનીને દુર્બળ બની જઈએ છીએ. કામ ન કરવા માટે જાત-ભાતના બહાના બનાવીએ છીએ. વ્યક્તિગત બાબતોને સમાજ પર થોપી દઈએ છીએ અને છેલ્લે કોઈ ન મળે તો સરકાર પર જ સમગ્ર દોષારોપણ કરી દઈએ છીએ.

પરંતુ આ બધામાં એ જ સર્વોપરી બને છે, જે ધૈર્ય અને મક્કમતા સાથે આગળ વધે છે. સફળતાના સિંહાસન પર બેઠેલા માણસની સફળતાની વાહ વાહ કરવાને બદલે તેનાં સંઘર્ષને જીવનમાં ઉતારવા જેવો હોય છે. એક નહીં પણ અનેક સમસ્યાઓને પરાસ્ત કરીને, આફતને અવસરમાં બદલીને માત્ર લક્ષ્યને જ વળગી રહેલી સફળતાની જીવનગાથાનાં દષ્ટાંતોને આ અંકમાં સમાવવાનો પ્રયાસ કર્યો છે. આ દૃષ્ટાંતો એ સાર્થકતાનું ઉદાહરણ છે કે, માનવીનું ધૈર્ય અને મક્કમતા જ તેને સફળતાનાં સિહાસન સુધી લઈ જાય છે.

ભારત વર્ષમાં એકથી એક મહાપુરૂષો પર ગ્રંથો લખી શકાય. પરંતુ આપણે આ વખતે જીવંત હોય તેવા લોકોની વાત કરી છે. જેમાં રાજનીતિ, રમત-ગમત, ઊદ્યોગથી લઈને સિનેજગતની હસ્તીઓને ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે. એવાં વ્યક્તિઓની વાત કરી છે જેમનું નામ સાંભળીને આપણાં શરીરમાં ઊર્જા દોડવા લાગે. જેમનું જીવન જ સફળતાની એક જીવંત પાઠશાળા સમાન છે. નિરાશાને ખંખેરીને આશાનું કિરણ નીકળે એવી વાતોને અહીં એકત્રિત કરીને આપની સામે રાખવાનો પ્રયાસ કર્યો છે.

**જય હિન્દ...**



# ICSI વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સિલનાં ખજાનચી બનતાં રાજેશ તારપરા



શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલયનાં ભુતપૂર્વ વિદ્યાર્થી અને હાલ અમદાવાદ ખાતે કંપની સેક્રેટરી તરીકે સેવારત શ્રી રાજેશકુમાર છગનભાઈ તારપરા (CS, LL.B.) ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (ICSI) ની વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સિલ (WIRC)નાં ખજાનચી તરીકે ચૂંટાયા છે. તેમની આ સિદ્ધિ સમગ્ર પાટીદાર સમાજમાં ગૌરવ સમાન છે.

મુળ સૌરાષ્ટ્રના રાણપુર (જુનાગઢ)ના શ્રી રાજેશકુમાર તારપરા ૨૦૧૪માં ICSI અમદાવાદ ચેપ્ટરનાં ચેરમેન તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. ICSI એ કેન્દ્ર સરકારની ઈન્સ્ટિટ્યૂટ છે, જે ભારતભરમાં CS Professionalનો વહિવટ ચલાવે છે. આ સંસ્થાનાં WIRCનાં ૨૦૧૮માં યોજાયેલા ઈલેક્શનમાં શ્રી રાજેશકુમાર તારપરા ગુજરાતમાંથી એકમાત્ર યુવા સદસ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે.

હાલ તેઓ મુંબઈમાં આવેલ ICSI-WIRCની હેડ ઓફિસ ખાતે ખજાનચી (Treasurer) તરીકે સેવા આપી રહ્યા છે. તેમની આ સિદ્ધિ બદલ શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ ખૂબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે અને તેમને અભિનંદન પાઠવે છે.

# PIBનાં એડીશનલ ડાયરેક્ટર જનરલ પદે ચાર્જ સંભાળતાં ડૉ. ધીરજ કાકડિયા



સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનાં અગ્રણી ડૉ. ધીરજ કાકડિયાએ હાલમાં જ પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો (PIB)અને રીજનલ આઉટરીચ બ્યૂરો (ROB), ભારત સરકારની પ્રાદેશિક કચેરીના વડા તરીકે એડીશનલ ડાયરેક્ટર જનરલ (ગુજરાત રીજિયન)નો પદભાર સંભાળ્યો છે.

ગુજરાત સરકારમાં પ્રતિનિયુક્તિ પર મનોરંજન કર કમિશનર તરીકે ત્રણ વર્ષ ફરજ બજાવી મૂળ કેડરમાં પરત ફરતા ડૉ. કાકડીયાની ભારત સરકારે અમદાવાદમાં નિમણૂંક કરી છે. ગ્રામીણ વિકાસ વિભાગમાં સ્પે. કમિશનર તથા રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થામાં સ્પે. ડાયરેક્ટર તરીકે પણ શ્રી કાકડિયાએ પ્રતિનિયુક્તિ દરમિયાન રાજ્ય સરકારમાં સેવા આપી હતી.

'મહાત્મા – એ ગ્રેટ કમ્યુનિકેટર' નામે નવજીવન ટ્રસ્ટે ડૉ. ધીરજ કાકડિયાનું પુસ્તક પ્રકાશિત કર્યું છે. ઉલ્લેખનીય છે કે આ પુસ્તકની પ્રસ્તાવના ભારતરત્ન અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામે લખી છે.

૧૯૯૧માં એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજમાંથી બી.ઈ. ઈલેક્ટ્રોનિક્સ કર્યા બાદ તેમણે એલ.એલ.બી, એમ.બી.એ અને પી.એચ.ડી.ની પણ પદવી પ્રાપ્ત કરી છે. તેઓ ૧૯૯૩ બેચના IIS અધિકારી છે. અગાઉ તેઓ એક દસકા સુધી દૂરદર્શન કેન્દ્ર અમદાવાદમાં સમાચાર વિભાગના ડાયરેક્ટર તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

ડૉ. ધીરજ કાકડિયાની આ સિદ્ધિ બદલ શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ ખૂબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

છાત્રાલય ગૌરવ



# હર્ષિલ ગેડિયાએ કોલેજમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો

સંસ્થાના વિદ્યાર્થી શ્રી હર્ષિલ ભરતભાઈ ગેડિયા (દામનગર, જિ. અમરેલી) ગાંધીનગર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં B.E. I.T. 3rd સેમેસ્ટરમાં કોલેજ પ્રથમ (91.20%) આવીને છાત્રાલયનું ગૌરવ વધાર્યું છે. ખૂબ ખૂબ અભિનંદન...

# કન્યા છાત્રાલય ખાતે શ્રી મગનભાઈ રામાણીના માતૃશ્રીની ભોજન તિથી ઉજવાઈ



તા. ૨૮ એપ્રિલ, ૨૦૧૯ને રવિવારે બપોરે કન્યા છાત્રાલય ખાતે આપણાં સમાજનાં મોભી અને નિકોલ સમાજનાં સ્થાપક શ્રી મગનભાઈ રામાણી તથા શ્રી જયંતિભાઈ, શ્રી હરેશભાઈ, શ્રી ભરતભાઈનાં માતૃશ્રી અંબાબેન રામાણીનાં સ્મરણાર્થે ભોજનતિથી રાખેલ હતી. જેમાં તેમનાં દિવ્ય આત્માનાં શ્રેયાર્થે છાત્રાલયની સૌ વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી.



# આર કે યુનિ.નાં સંસ્થાપક ખોડિદાસ તળાવિયા યુવાપેઢી માટે પ્રેરણાદાયી

શૈક્ષણિક ક્ષેત્રે શિરમોર બની રહેલી આર કે યુનિવર્સિટીનાં સંસ્થાપક શ્રી ખોડીદાસભાઈ પટેલ આજની યુવાપેઢી માટે પ્રેરણારૂપી ઉદાહરણ છે. નબળી આર્થિક પરિસ્થિતી અને ઓછા સંસાધનો વચ્ચે પણ સફળતા મેળવવાની કળા આજના યુવાઓએ ખોડીદાસભાઈ પાસેથી શીખવા જેવી છે. એક ટંક ભોજન માટે વલખાં મારતા પેટ, યુવાન ખભા ઉપર વધતી જતી પરિવારની જવાબદારી અને કંઈક કરી બતાવવાની હિંમત રાખતા મન વચ્ચે સમતુલા જાળવીને વ્યાવસાયિક અને આર્થિક રીતે ધાર્યા પરિણામો મેળવીને ખોડીદાસભાઈએ સાબિત કરી આપ્યું છે કે જીવનમાં સફળતા મેળવવી હોય તો કઠોર પરિશ્રમ અને સચોટ લક્ષ્યાંકનો કોઈ જ વિકલ્પ નથી.

ઉદ્યોગપતિ અને શૈક્ષણિક સંસ્થાનાં શિરમોર એવા ખોડીદાસભાઈ શામજીભાઈ તળાવિયા પાંચ બહેન અને ચાર ભાઈમાં પાંચમા નંબરના છે. એમના પિતા માર્કેટમાં બટેટાની ગુણી ઉપાડવાની મજૂરી કરી ૧૧ સભ્યોનાં પરિવારનું નિર્વાહ કરતાં. ખોડીદાસભાઈ પાંચમા ધોરણમાં અભ્યાસ કરતાં ત્યારે સ્કૂલના જ શિક્ષકની બોક્સ બનાવવાની ફેક્ટરીમાં કામે જવા લાગ્યા હતા. હેતુ એટલો જ હતો કે વિશાળ પરિવારને શક્યત મદદરૂપ થવું. બાળક ખોડીદાસ નીતિમત્તાવાળું કોઈપણ કામ કરવા તૈયાર હતો. શરત માત્ર એટલી હતી કે, જે કામ કરે તેમાં પૈસા જાજા મળે. ગુંદાવાડીમાં ઊભી રહેતી ગોળની લારીએ દોઢ વર્ષ સુધી ગોળા વાળવાનું પણ કામ કર્યું. ઓઈલ એંજિનના કારખાનામાં હાથ અજમાવ્યો. ધોરણ ૭ માં અભ્યાસ વખતે સ્કૂલના કેટલાક મિત્રોએ પિતા શું કરે છે તેમ પૂછ્યું અને મજૂરીકામ કરતાં હોવાનું કહ્યું ત્યારે મિત્રો દ્વારા કરાયેલી ઉપેક્ષા ખોડીદાસભાઈને થરથરાવી ગઈ. જોકે ત્યારે જ નક્કી કર્યું કે શ્વાસ રહેશે ત્યાં સુધી કામ કરીશ પણ પૈસાવાળો બનીશ.



બાળપણમાં બોક્સની ફેક્ટરીમાં કરેલા કામને માધ્યમ બનાવી જાતે બોક્સ બનાવવાનું શરૂ કર્યું, ૧૬ વર્ષની વયે પોતાના પૈસાથી સાઈકલ પર બોક્સની ફેરી શરૂ કરી, ઓઈલ એંજિનના કારખાનાના અનુભવથી પરિચિત કારખાનેદાર સાથે મળી વોચકેશ (ઘડિયાળ)ની ફેક્ટરી શરૂ કરી જેના વિકાસ માટે તેઓ હોંગકોંગ પણ પહોચ્યા અને આ બિઝનેશમાં ઓળખ ઊભી કરી. બાળપણમાં રોટલો છાશ મળે એટ્લે વાહવાહ જેવી સ્થિતિ હતી પણ હવે લક્ષ્મીદેવી પૂરી રીતે રીઝ્યા હતા. પોતાના બે પુત્રોને ઉચ્ચ અભ્યાસ માટે બહાર મોકલ્યા. મોટો પુત્ર મેંગલોરની એક કોલેજમાં અભ્યાસ કરતો, જ્યાં તેને પડતી મુશ્કેલી જોઈને કોલેજ બનાવવાનો નિર્ધાર કર્યો. કુટુંબની સ્થિતિને કારણે ધોરણ ૧૦ સુધી જ અભ્યાસ કરી શકનારા ખોદીદાસભાઈએ આર કે કોલેજની સ્થાપના કરી. જેમાં શરૂઆતમાં એમબીએ તથા ફિઝિયોથેરાપીનો અભ્યાસ થતો હતો, હાલમાં આર કે યુનિવર્સિટી તરીકેની માન્યતા મેળવી છે. આરકે યુનિવર્સિટી એ સૌરાષ્ટ્ર-કચ્છની પ્રથમ સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટી છે, જેમાં આજે ૬૦થી પણ વધુ અભ્યાસક્રમ ચાલે છે. કલ્પના પણ નહોતી કરી એટલી સફળતા મળ્યા બાદ પણ ખોડીદાસભાઈએ હાર્ડવર્ક ચાલુ રાખ્યું છે. દરરોજ બાર બાર કલાક સુધી કામ પર હાજર રહેતા ખોડીદાસભાઇ બપોરે ફેક્ટરી પર ટિફિન મગાવીને જમે છે. આટલી સફળતા એ અંત નથી, હજુ તો ઘણું કરવાનું બાકી છે તેમ કહી ખોડીદાસભાઈએ સફળતાનો મંત્ર આપતા કહ્યું હતું કે, નીતિમતા સાથે કઠોર પરિશ્રમ કરવામાં આવે તો સફળતા તો મળે જ.

# લગ્ન વિષયક



નામ : વડાલિયા સંજય હિંમતભાઈ
સરનામું : ૧૨, સુર્યરથ એપાર્ટમેન્ટ, સારથી બંગલોની સામે, ડ્રાઈવ-ઈન રોડ, મેમનગર, અમદાવાદ
ફોન : (ઘર) (USA) +1 984 234 8128
મોબાઈલ : 97123 86930
ઈ-મેઈલ : sanjayvadaliya@hotmail.com
જન્મ તા. : 27-2-92 ઉંચાઈ : 5'7" વજન : 65 Kg.
અભ્યાસ : M.S. (Mechanical) North Carolina State Uni., USA
મૂળ વતન : ગામ-ફાચરિયા, તા.જાફરાબાદ, જિ.અમરેલી
મોસાળ : વેકરિયા, ગામ-કાકીડીમોલી, તા.ગીર ગઢડા, જિ.ગીર-સોમનાથ
પસંદગી : Green Card, H1B સીટીઝન, સમકક્ષ
નોકરી/ધંધો : Mechanical Engineer KBR



નામ : પટેલ (વાણેચા) સંકલ્પ રમેશચંદ્ર
સરનામું : બ્લોક નં. ૧૩, શિવશક્તિ સોસાયટી વિભાગ-૨, શાંતાદેવી રોડ, નવસારી-396445
ફોન : (ઘર) 98251 56154
મોબાઈલ : 98251 56154
ઈ-મેઈલ :
જન્મ તા. : 6-4-93 ઉંચાઈ : 178 cm વજન :
અભ્યાસ : B.E. Electronics
મૂળ વતન : ગામ-કંથારિયા, તા.ચુડા, જિ.સુરેન્દ્રનગર
મોસાળ : કરિયા, ગામ-ખારવા, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર
પસંદગી : ગમે તે લાઈનનાં સ્નાતક, ગ્રેજ્યુએટ અથવા ૧૨ પાસ
નોકરી/ધંધો : એન્જિનિયર



નામ : પટેલ પ્રણવ મધુભાઈ
સરનામું : સાનિધ્ય એ-૭/૧૩૭, એસ.ટી.પી.એલ., ત્રિમંદિર પાછળ, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ-382421
ફોન : (ઘર)
મોબાઈલ : 94269 24719
ઈ-મેઈલ : madhubgajera@gmail.com
જન્મ તા. : 24-5-91 ઉંચાઈ : 5'7.5" વજન : 74 kg.
અભ્યાસ : B. Tech. in E.C.
મૂળ વતન : ગામ-ચુડા (સોરઠ), તા.ભેંસાણ, જિ.જૂનાગઢ
મોસાળ : રૈયાણી, ગામ-જેતલસર, તા.જેતપુર, જિ.રાજકોટ
પસંદગી : I.T., C.E., E.C., M.C.A.
નોકરી/ધંધો : નોકરી



નામ : શિંગાળા ડોલી કાનજીભાઈ
સરનામું : 'શિવકૃપા' રામેશ્વર સોસાયટી, રાજમહેલ પાછળ, કેશોદ
ફોન : (ઘર) 97144 14235
મોબાઈલ :
ઈ-મેઈલ :
જન્મ તા. : 23-11-94 ઉંચાઈ : 5'5" વજન : 50 Kg.
અભ્યાસ : M.B.B.S.
મૂળ વતન : ગામ-કેશોદ, તા.કેશોદ, જિ.જૂનાગઢ
મોસાળ : મુંજપરા, ગામ-તાલાળા, જિ.સોમનાથ
પસંદગી : સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર
નોકરી/ધંધો : J R Ship



નામ : સુહાગિયા નિધિ ભરતભાઈ
સરનામું : ૧૩૮, સંગના સોસાયટી-૧, નાના વરાછા, શ્યામધામ, સુરત
ફોન : (ઘર)
મોબાઈલ : 99047 59060
ઈ-મેઈલ :
જન્મ તા. : 20-7-94 ઉંચાઈ : 5'0" વજન : 47 kg.
અભ્યાસ : Master of Computer Application
મૂળ વતન : ગામ-જુના સાવર, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
મોસાળ : બવાડિયા, ગામ-અમૃતવેલ, તા.મહુવા, જિ.અમરેલી
પસંદગી : ભણેલ
નોકરી/ધંધો :



નામ : સુહાગિયા કેવિન ભરતભાઈ
સરનામું : ૧૩૮, સંગના સોસાયટી-૧, નાના વરાછા, શ્યામધામ, સુરત
ફોન : (ઘર)
મોબાઈલ : 99047 59060
ઈ-મેઈલ :
જન્મ તા. : 6-5-92 ઉંચાઈ : 5'6" વજન : 54 kg.
અભ્યાસ : B.E. Electrical
મૂળ વતન : ગામ-જુના સાવર, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
મોસાળ : બવાડિયા, ગામ-અમૃતવેલ, તા.મહુવા, જિ.અમરેલી
પસંદગી : ભણેલ
નોકરી/ધંધો : Assistant Engineer R&B



નામ : લુણાગરિયા ભાવીન કમલેશભાઈ
સરનામું : બી-૧૯, સુર્યકુંજ સોસાયટી, નુતન સ્કુલની બાજુમાં, ઘાટલોડીયા, અમદાવાદ-૬૧
ફોન : (ઘર)
મોબાઈલ : 97379 96043
ઈ-મેઈલ :
જન્મ તા. : 11-12-91 ઉંચાઈ : 5'11" વજન : 70 kg.
અભ્યાસ : B.E. કોમ્પ્યુટર એન્જિનિયર
મૂળ વતન : ગામ-લાપાળિયા, તા.જિ.અમરેલી
મોસાળ : વેકરિયા, ગામ-પાડરશિંગા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
પસંદગી : ગ્રેજ્યુએટ
નોકરી/ધંધો : TV9 - ટેકનીકલ વિભાગ



નામ : સુહાગિયા મનસ્વી દિલિપભાઈ
સરનામું : બી-૭૦, માતૃશક્તિ સોસાયટી, ઈન્ડિયા કોલોની સામે, બાપુનગર, અમદાવાદ-380 024
ફોન : (ઘર) 70481 63631
મોબાઈલ : 98790 25771
ઈ-મેઈલ : saumya.patel2001@gmail.com
જન્મ તા. : 12-7-94 ઉંચાઈ : 5'3" વજન : 52 kg.
અભ્યાસ : B.Com., M.Com.
મૂળ વતન : ગામ-પીઠવડી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
મોસાળ : સાવજ, ગામ-ચક્કરગઢ, તા.જિ.અમરેલી
પસંદગી : સંસ્કારી, નિર્વ્યસની, ધંધાકીય
નોકરી/ધંધો : કેંગન વોટર મશીન ડીલર

આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.

# લગ્ન વિષયક



નામ : પટેલ દિપલ હસમુખભાઈ
સરનામું : ૫૫, ઉર્જાનગર-૧, સીટી પલ્સ થીયેટર પાસે,
રાંદેસણ, ગુજરાત, ગાંધીનગર-382 007
ફોન : (ઘર)
મોબાઈલ : 99789 36131
ઈ-મેઈલ : hasmukhjasani@ymail.com
જન્મ તા. : 23-8-88 ઉંચાઈ : 5'5" વજન : 65 kg.
અભ્યાસ : M.D. (Paediatrics) ડોક્ટર
મૂળ વતન : ગામ-અમરેલી, તા.જિ.અમરેલી
મોસાળ : પટેલ (જાગ), ગામ-લાઠી, તા.લાઠી, જિ.અમરેલી
પસંદગી : ડોક્ટર MBBS, MD, MS, MCh / NRI, એન્જિનિયર, ડોક્ટર
નોકરી/ધંધો : સર્વિસ



નામ : ભાલાળા દ્રુપદ મનસુખભાઈ
સરનામું : સી/૪૫, વિક્રમાદિત્ય સોસાયટી, બજરંગ આશ્રમની સામે,
ઠક્કરનગર, અમદાવાદ-2
ફોન : (ઘર)
મોબાઈલ : 98246 69088
ઈ-મેઈલ : dmsbhalala@gmail.com
જન્મ તા. : 30-9-93 ઉંચાઈ : 5'7" વજન : 65 kg.
અભ્યાસ : બી.કોમ.
મૂળ વતન : ગામ-દુધાળા, જિ.ભાવનગર
મોસાળ : સાવલિયા, ગામ-મોટાલીલ્યા, જિ.અમરેલી
પસંદગી : સંસ્કારી
નોકરી/ધંધો : જોબ



નામ : કાકડિયા ન્યૂટન જીવરાજભાઈ
સરનામું : ૨૬, શ્રીનાથનગ, શેરી નં.-૧,
બસ સ્ટેન્ડ પાછળ, જોષીપુરા, જુનાગઢ-362 002
ફોન : (ઘર)
મોબાઈલ : 94269 15822
ઈ-મેઈલ : kakadia1985@gmail.com
જન્મ તા. : 30-12-94 ઉંચાઈ : 5'8" વજન : 62 kg.
અભ્યાસ : Dual Degree (B.Tech. & M.Tech.) - Metallurgical Engg.
મૂળ વતન : ગામ-બગડુ, તા.જિ.જૂનાગઢ
મોસાળ : વઘાસિયા, ગામ-ભાડેર, તા.ધોરાજી, જિ.રાજકોટ
પસંદગી : Passionate (જિજ્ઞાસુ), પોઝીટીવ, હેપી
નોકરી/ધંધો : Manufacturing Business

'પટેલ સુવાસ'માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે.

આપ, મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત
www.pateljeevansathi.org
વેબસાઈટ પર પણ જોઈ શકો છો.

આ વેબસાઈટ પરથી જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...

**જે પાત્રો લગ્નજીવનથી જોડાઈ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળમાં

**નવા ટ્રસ્ટી તરીકે જેઓએ સંમતિ આપી છે**

**તેમને ટ્રસ્ટી મંડળ તથા સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન...**

**(૧) શ્રી માવજીભાઈ પોપટભાઈ લુણાગરિયા**

**(૨) શ્રી ભૂપતભાઈ ધીરૂભાઈ ખૂંટ** (એક્સપ્રેસ લિફ્ટ)

**અન્ય સમાજશ્રેષ્ઠીઓને પણ ટ્રસ્ટી બની**

**મદદરૂપ થવા નમ્ર વિનંતી...**